# જાહેર પ્રશ્ન નં.1

| | |
|---|---|
| હા | **મારિજુઆનાને કાયદેસર કરવા માટેની સંવૈધાનિક સુધારો**<br><br>શું તમે મારિજુઆનાના નિયંત્રિત સ્વરૂપને “કેનાબીસ” તરીકે કાયદેસર બનાવવા માટે બંધારણમાં સુધારાને મંજૂરી આપી છે?<br>ફક્ત પુખ્ત વયના લોકો ઓછામાં ઓછા 21 વર્ષની વયના કેનાબીસનો ઉપયોગ કરી શકે છે. રાજ્યના તબીબી કેનાબીસ પ્રોગ્રામની દેખરેખ માટે બનાવવામાં આવેલ રાજ્ય કમિશન નવા, વ્યક્તિગત ઉપયોગની કેનાબીસ માર્કેટની પણ દેખરેખ રાખે છે.<br>કેનાબીસના ઉત્પાદનો રાજ્ય વેચાણ વેરાને આધિન રહેશે. જો લેજીસ્લેચર દ્વારા અધિકૃત હોય, તો મ્યુનિસિપાલિટી કેનાબીસના ઉત્પાદનો પર સ્થાનિક કર વસૂલવા માટે સ્થાનિક વટહુકમ પસાર કરી શકે છે. |
| ના | **વ્યાખ્યાત્મક વિધાન**<br><br>આ સુધારાથી મારિજુઆનાના નિયંત્રિત સ્વરૂપ કહેવાતા “કેનાબીસ”ને કાયદેસર કરવામાં આવશે. ફક્ત ઓછામાં ઓછી 21 વર્ષની વયની વ્યક્તિઓ કેનાબીના ઉત્પાદનોનો કાયદેસર ઉપયોગ કરી શકે છે.<br>કેનાબીસ રેગ્યુલેટરી કમિશન નવા એડલ્ટ કેનાબીસ માર્કેટની દેખરેખ રાખશે. આ કમિશન રાજ્યના તબીબી કેનાબીસ પ્રોગ્રામની દેખરેખ માટે 2019 માં બનાવવામાં આવ્યું હતું. કમિશનની નવી સત્તાનો અવકાશ લેજીસ્લેચર દ્વારા ઘડવામાં આવેલા કાયદામાં વિગતવાર હશે.<br>નવા પુખ્ત કેનાબીસ માર્કેટમાં કેનાબીસ ઉત્પાદનોના તમામ છૂટક વેચાણ રાજ્યના વેચાણ વેરાને આધીન રહેશે. જો લેજીસ્લેચર દ્વારા અધિકૃત હોય, તો મ્યુનિસિપાલિટી કેનાબીસના ઉત્પાદનો પર સ્થાનિક કર વસૂલવા માટે સ્થાનિક વટહુકમ પસાર કરી શકે છે. |